# પ્રતિક્રિયા અને પ્રતિસંવેદના



કોઈ પણ પ્રતિક્રિયા/પ્રતિસાદ અતીતથી સંબંધિત હોય છે, કોઇ પણ પ્રતિસંવેદના/પ્રતિભાવ અથવા રીસ્પોન્સ વર્તમાનથી સંબંધિત છે. તમે અતીતની જૂની પ્રણાલીઓથી પ્રતિક્રિયા કરો છો. કોઇ તમને અપમાનિત કરે છે અને અચાનક તમારું જૂનું તંત્ર કાર્ય કરવા લાગે છે. અતીતમાં પણ લોકોએ તમને અપમાનિત કર્યા છે અને તમે એક નિશ્ચિત પ્રકારનો વ્યવહાર કર્યો છે. તમે આ જ પ્રકારનો વ્યવહાર ફરી કરો છો. તમે આ અપમાનને અને આ વ્યક્તિ પ્રત્યે પ્રતિ-સંવેદિત નથી થઇ રહ્યા, તમે તો માત્ર એક જૂની આદતવશ પ્રક્રિયા કરી રહ્યા છો. તમે આ વ્યક્તિ ઉપર અને નવા અપમાન ઉપર નજર નથી કરી એનો તો કંઈક અલગ જ સ્વાદ છે.

તમે તો એક રોબોટની જેમ કાર્ય કરી રહ્યા છો. તમારી અંદર એક નિશ્ચિત તંત્ર છે. તમે બટન દબાવો છો અને કહો છો, આ વ્યક્તિએ મારું અપમાન કર્યું છે અને તમે પ્રતિક્રિયા કરી દો છો. આ પ્રતિક્રિયા વાસ્તવિક સ્થિતિને લઈને નથી આ તો એક રીતે પ્રાયોજીત છે. તમે આ વ્યક્તિમાં અતીતને જુઓ છો. પ્રતિક્રિયા અતીતથી સંબંધિત છે. જો તમે જૂની આદતોથી મનથી પ્રતિક્રિયા કરો છો તો તમે પ્રતિ સંવેદન નથી કરી રહ્યા. પ્રતિ સંવેદિત થવા માટે આ ક્ષણમાં હમણાં અને અહીં પૂર્ણ રૂપથી જીવંત રહેવું પડે છે. પ્રતિસંવેદન એક સુંદર તથ્ય છે. આ જીવન છે. પ્રતિક્રિયા મૃત હોય છે તે એક કુરૂપ અને સડી ગયેલી વસ્તુ છે. એક લાશ છે. નવ્વાણું ટકા અવસરો પર તમે પ્રતિક્રિયા જ કરો છો અને તેને પ્રતિ સંવેદન કહો છો. તમારા જીવનમાં એવું ઘણું ઓછું થાય છે જ્યારે તમે પ્રતિ સંવેદન કરો છો, પરંતુ જ્યારે પણ તે થાય છે ત્યારે તમને તેની ઝલક મળી જાય છે. જ્યારે પણ એ ઘટે છે ત્યારે તે અજ્ઞાતના દરવાજાઓ ખૂલી જાય છે.

ઘરે જઈને પોતાની પત્નીને પ્રતિસંવેદનથી જુઓ પ્રતિક્રિયાથી નહીં. હું એવા લોકોને મળું છું જેઓ એક સ્ત્રી સાથે ત્રીસ વર્ષ, ચાલીસ વર્ષથી રહે છે, તેઓએ તેમને જોવાનું બંધ કરી દીધું છે. એમને એવો ખ્યાલ છે કે એમને જાણકારી છે, પરંતુ નદી હંમેશાં વહેતી રહે છે. આ સ્ત્રી એ નથી જેની સાથે તમારા વિવાહ થયા હતા તે તો જૂના સમયની વાત છે. તે સ્ત્રી હવે ક્યાંય પણ નથી. આ તો એક નવી સ્ત્રી છે. પ્રત્યેક ક્ષણ તમારો નવો જન્મ થઇ રહ્યો છે. દરેક ક્ષણે તમે મરો છો અને દરેક ક્ષણે તમારો જન્મ થઈ રહ્યો છે પણ શું હાલમાં તમે તમારી પત્ની, તમારી માતા, તમારા પિતા અને મિત્ર વિશે વિચાર્યું છે? તમે વિચારવાનું બંધ કરી દીધું છે કારણ કે, તમે વિચાર્યું છે કે એ બધા વૃદ્ધ થઈ ગયા છે, એટલે તેઓ વિશે વિચારીને શું મતલબ છે? પાછળ જાઓ અને નવી આંખોથી ફરી જુઓ. જેવી રીતે તમે કોઈ અજાણ્યાને જોશો તો તમને આશ્ચર્ય થશે.

> રોજ મોટાં પરિવર્તન થઇ રહ્યાં છે, આ એક પ્રવાહ છે, દરેક વસ્તુ પ્રવાહિત થઇ રહી છે

**ઓશો વાણી**

રોજ મોટાં પરિવર્તન થઈ રહ્યાં છે, આ એક પ્રવાહ છે, દરેક વસ્તુ પ્રવાહિત થઇ રહી છે. કંઇ પણ અવરુદ્ધ નથી હોતું પરંતુ મન એક મૃત વસ્તુ છે. આ એક અવરુદ્ધ ઘટના છે. જો તમે અવરુદ્ધ મનથી કૃત્ય કરો છો તો તમે એક મૃત જીવન જીવો છો. તમે વસ્તુતઃ જીવતા જ નથી. તમે પહેલા જ કબ્રમાં ચાલ્યા જાઓ છો. પ્રતિક્રિયાઓને છોડી દો અને વધુથી વધુ પ્રતિસંવેદન થવા દો. પ્રતિસંવેદન કરવાનો અર્થ છે ઉત્તરદાયી હોવું પરંતુ સંવેદનશીલતા હમણાં અને અહીં વર્તમાન પ્રત્યે.

(ઓશો : એબ્સોલુટ તાઓ પુસ્તકમાંથી. સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)

# પવિત્ર પાવન 'અધિક માસ'

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

ગઈકાલ તા.17મીથી અધિક માસનો પ્રારંભ થઇ ચૂક્યો છે. દર ત્રણ વર્ષે આવતા આ અધિક માસને અંગ્રેજી કેલેન્ડરને અનુસરતી આજની પેઢી માટે મહત્ત્વ નહિ ગણતા હોવાથી સમજી નથી શકતી. ખરેખર પવિત્ર પાવન માસ સનાતનીઓ માટે ધાર્મિક રૂપે વિશેષ મહત્ત્વપૂર્ણ છે. હિન્દુ કેલેન્ડર એટલે કે વિક્રમ સંવત, શક સંવત કે એવા અન્ય સંવત કેલેન્ડરો ચંદ્ર પર આધારીત છે. જ્યારે વિશ્વના અન્ય કેલેન્ડરો સૂર્ય પર આધારીત કરીને કોઇ વ્રત-તહેવારો નથી આવતા કે નથી ઉજવાતા પણ હા, મહિના દરમિયાન આવતી બંને એકાદશીનું અધિક મહત્ત્વ છે. જે વર્ષમાં અધિક માસ આવે છે તે સ્વાભાવિક જ 13 મહિનાનું વર્ષ હોય છે.

અધિક માસની જરૂર કેમ ઊભી થઈ? એ ખરેખર તો ખગોળીય પરિસ્થિતિ અને સૌર વર્ષ તથા ચંદ્ર વર્ષનો તાલ-મેળ સાધવા માટેની સ્થિતિ સર્જવા માટે અધિકમાસનો ઉદ્ભવ થયો જેને આપણે મળમાસ ઉપરાંત પુરુષોત્તમ માસ પણ કહીએ છીએ. વિગતે જોઈએ તો સૌર વર્ષ 354.32 દિવસનું હોય છે. આ મુજબ બંને કેલેન્ડર વચ્ચે 10.87 દિવસનો તફાવત આવે છે. આ તફાવત 32.5 મહિના પછી ચંદ્ર વર્ષના એક મહિના જેટલું થતું હોય છે. તેથી લગભગ ત્રણ વર્ષે સૌર વર્ષ અને ચંદ્ર વર્ષ વચ્ચેની અસામનતા દૂર કરવા એક અધિક માસનું કારતકથી આસો માસની જેમ કોઈ ચોક્કસ સ્થાન નથી પણ 32.5 મહિના પછી અધિક માસનું આગમન ચોક્કસ હોય છે. આ વખતે વૈશાખ માસ પછીના આવતા જેઠ માસમાં અધિક જેઠ તરીકેનું સ્થાન છે. અધિક માસ 15મી જૂને પૂરો થયા બાદ નિજ જેઠ ચાલુ થશે. જ્યોતિષ અને પંચાંગ આધારિત ખગોળીય તથ્ય જોઈએ તો જે ચંદ્ર માસમાં સૂર્યનું સ્પષ્ટ ગતિ પ્રમાણેનું સંક્રમણ ના થાય ત્યારે અધિક માસ આવતો હોય છે. શકુનિ, ચતુષ્પદ, નાગ અને કિસ્તુઘ્ન એ ચાર-કરણ સૂર્યનો મળ ગણાય છે અને તે કરણોમાં જે સંક્રાંતિ શરૂ થાય તે સંક્રાંતિનો સમય મળમાસ એટલે કે અધિક માસ કહેવાય છે. અધિક માસમાં સૂર્યનું કોઇ જ રાશિમાં સંક્રમણ થતુ નથી. આથી આ માસ રાશિપ્રવેશથી વંચિત ગણાયો છે જેને કરણે લગ્ન, મુંડન, સોના-ચાંદીની ખરીદી, ભૂમિપૂજન, વાસ્તુ, વાહન ખરીદી, નવા ધંધાનો પ્રારંભ, ઓફિસ ફેક્ટરી ઘરની ખરીદી જેવા કોઇ પણ શુભકાર્યો આ મહિનામાં નિષેધ છે.



> શકુનિ, ચતુષ્પદ, નાગ અને કિસ્તુઘ્ન એ ચાર-કરણ સૂર્યનો મળ ગણાય છે અને તે કરણોમાં જે સંક્રાંતિ શરૂ થાય તે સંક્રાંતિનો સમય મળમાસ એટલે કે અધિક માસ કહેવાય છે

આ અધિક માસને અયોગ્ય અને અપશુકનિયાળ કહેવાયો હોવાથી અધિક માસ દુ:ખી થઈ ભક્તસ્વરૂપે દેવી-દેવતાઓ પાસે જઇ તેની વ્યથા કહી અને તેનો ઉદ્ધારક બનવા પ્રાર્થના કરી પણ કોઇ દેવીદેવતાઓએ અધિષ્ઠાતા દેવ બનવાની તૈયારી નહી બતાવી ઉપરાંત ભગવાન વિષ્ણુજી પાસે જવાની સલાહ આપી. ભગવાન વિષ્ણુએ અધિક માસની પ્રાર્થના સ્વીકારી. અધિષ્ઠાતા દેવ તરીકે સ્થાપિત ભ ગ વા ન વિષ્ણુએ તેને પુરુષોત્તમ માસનું નામ આપ્યું. આ અધિક માસમાં ભગવાન વિષ્ણુના જપ, તપ, ભક્તિની ફલશ્રૃતિરૂપે અધિક પુણ્ય પ્રાપ્ત થાય છે. આ મહિનામાં દીપદાન, અન્નદાન, વસ્ત્રદાનનું પણ અધિક મહત્ત્વ છે. સનાતનીઓ ઉપવાસ-એકટાણા કરે છે. તેમજ તીર્થયાત્રાઓમાં નદીઓમાં સ્નાનનું પણ અધિકાધિક મહત્ત્વ ગણાવ્યું છે. નારદીય પુરાણમાં અધિક માસની કથાઓ 31 અધ્યામાં વર્ણવાઈ છે.

સનાતની વૈષ્ણવો અધિક માસનાં વિશેષરૂપે લાલાને લાડ લડાવે છે. પૂજા-અર્ચન, ભજન-કિર્તન કરે છે. હિન્દુ સમાજમાં દેવ-દેવીઓના મંદિરોમાં વિશેષ પૂજાઓના કાર્યક્રમો જોવા મળે છે. ખાસ કરીને મહોલ્લાઓ આખો પુરુષોત્તમ માસ ભક્તિમય સ્વરૂપે માણે છે. કથા સાંભળવી, ભજન-કિર્તન અને ગોરમાનું પૂજન એ દરરોજને નિત્યક્રમ બનાવે છે. પુરુષોત્તમ માસના પ્રારંભમાં પહેલા દિવસથી ગોરમાની પ્રતિમા બનાવાય છે અને રોજ તેનું પૂજન કરાતું હોય છે. આ પ્રકારનો નિત્યક્રમ ગુજરાત, સૌરાષ્ટ્રના નાનાં શહેરો અને ગામડાંઓમાં વિશેષરૂપે જોવા મળે છે. રોજ નદીએ ન્હાવા જવું અને મહિલાઓ કાઠા ગોરમાની પ્રતિમાની ફરતે ગોળ કુંડાળું ફરી ટચલી આંગળી એકબીજામાં પરોવી ગોરમાના ગીતો ગાતી હોય છે.

આંબુડુ-જાંબુડું જેવા ખાસ ગીત લોકજીભે ચઢેલા હોય છે. દ્વારિકા પાસેના એક ગામડાની સ્કૂલમાં આ આંબુડુ-જાંબુડુ સંગીત સાથે રોજ ગવડાવાય છે. બાળકોમાં એ પ્રકારે સંસ્કૃતિ સિંચન થાય છે.

પુરુષોત્તમ માસ સાથે સંકળાયેલી અનેક ધર્મકથાઓ છે, પણ સ્થળ સંકોચને કારણે એ શક્ય નથી પણ આ પુરુષોત્તમમાસમાં જપ, તપ, પૂજા, ભક્તિ, દાન, પુણ્ય જેવી ધર્મક્રિયાઓનું અનેક ગણું ફળ પ્રાપ્ત થતું હોવાથી તમે જે રીતે પણ ભક્તિ કરતા હોય તેમાં દીપદાન, વસ્ત્રદાન અને અન્નદાનને જરૂર અધિક મહત્ત્વ આપજો. પિતૃતર્પણ માટે પણ મહત્ત્વપૂર્ણ અધિક માસમાં વિશેષ કંઈ ના થઈ શકે તો રોજ પીપળે એક લોટો પાણી ચઢાવવાને નિત્યક્રમ બનાવજો.



## " આંબુડું-જાંબુડું"

પુરુષોત્તમ માસ દરમ્યાન કાંઠા ગોરની પૂજા, ગોરમાની પૂજા અથવા તો જેને કહેવાય ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણની પૂજા વખતે બહેનો દ્વારા ગુજરાત-સૌરાષ્ટ્રના જુદા-જુદા વિસ્તારોમાં ગાવામા આવતું " આંબુડું જાંબુડું" મુખ્યત્વે ત્રણ પ્રકારથી ગવાતું હોય છે. કવિ તો અજ્ઞાત છે પણ આ પારંપરિક ગીતો સંપાદન કરી ને મૂક્યા છે એમાંથી જો તમને ખબર હોય તો જૂઓ કે તમારા વિસ્તારમાં ક્યા પ્રકારનું ગીત ગવાય છે?!!..

**" આંબુડું-જાંબુડું" (1)**

આમ્બુડું જાંબુડું, કેરી ને કોઠીમડું, રાય દામોદર નોતર્યા,
ગણપતિ, ઈશ્વર ને ઘેર પારવતી ,

રાણી પૂજે રાજમાં, હું પુજુ મારા કાજમાં,
વાણિયો પૂજે આડે દહાડે , હું પુજુ મારે ભર્યે ભાણે,
સવારમાં શામળિયાજી ,બપોરે બળદેવજી,

ત્રીજા પહોરે ત્રિકમજી, સાંજ પડે શ્રીનાથજી,
રાત પડે રણછોડજી ,અધરાતે ઓધવજી,

મધરાતે માધવજી ,પરોઢિયે પુરુષોત્તમજી,
વાણુ વાયે વિઠ્ઠલજી ,અમૃત પાન પીધાજી ,
આટલા નામ લીધાજી,

જાત્રા કરવા નિસર્યા, જાતા ન્હાયા ગંગાજી,
વળતા ન્હાયા જમુનાજી

નાહી ધોઈને નીસર્યા, પાપ સર્વે વીસર્યા ,
નાહ્યા ધોયા રેલાણાં, પાપ સર્વે ઠેલાણા

રાજાને રાજ દયો, અમને સૌભાગ્ય દયો,
ઓધવરાય, માધવરાય, કેશવરાય, ત્રિકમરાય,
પૂરણ પુરુષોત્તમરાય... સુખડાં લ્યો શ્રી રામના

**" આંબુડું-જાંબુડું" (2)**

આમ્બુડું જાંબુડું, કેરીને કોઠીમડું, રાય દામોદર નોતર્યા,
વાડી રાજા રામની,

વચમાં બેઠા ગોરમાં, ફરતી બેઠી ગોપીયું,
રાજા પૂજે મંદિરમાં, રાણી પૂજે રાજમાં,

હું પુજુ મારા કાજમાં, વાણિયો પૂજે હાટમાં,
શંકર ને ઘેર પારવતી , બ્રહ્મા ને ઘેર બ્રહ્માણી,

વિષ્ણુ ને ઘેર લક્ષ્મીજી ,રામ ને ઘેર સીતાજી,
કૃષ્ણ ને ઘેર રાધાજી ,ગોર ને ઘેર ગોરાણી ,

જાત્રા કરવા નિસર્યા, જાતા ન્હાયા જમનાજી,
વળતા ન્હાયા ગંગાજી, નાહી ધોઈને નીસર્યા , પાપ સર્વે વીસર્યા,

નાહ્યા ધોયા રેલાણાં, પાપ સર્વે ઠેલાણા
ડાળીએ બેઠા દામોદર, પાળે બેઠા પુરુષોત્તમ, કાંઠે બેઠા કાંઠાગોર,

ત્રાજવે બેઠા ત્રિકામરાય ,વાડીએ બેઠા વાસુદેવ,
સુદામાની ઝુંપડી, ખાવા આપો સુખડી,
ભવની ભાંગો ભૂખડી, સુખડાં લ્યો શ્રી રામના

**" આંબુડું-જાંબુડું" (3)**

આમ્બુડું જાંબુડું, કેરીને કોઠીમડું,
રાય દામોદર નોતર્યા, જાત્રા કરવા નિસર્યા,

જાતા ન્હાયા ગંગાજી, વળતા ન્હાયા જમુનાજી,
નાહી ધોઈને નીસર્યા , પાપ સર્વે વીસર્યા,
નાહ્યા ધોયા રેલાણાં, પાપ સર્વે ઠેલાણા

ગાય રે ગાય, તું મોરી માય,
નિત નિત ડુંગરે ચરવા જાય, ચરતી ચરતી પાછી વળી,
ગંગાજળ પાણી પીવા જાય, પાણી પી ને પાછી વળી,

સામા મળ્યા વાઘ ને સિંહ, વાઘ કયે હું ગાય ને ખાઉં,
સિંહ કયે ખવાય નઈ, ગાયના દૂધ મહાદેવને ચડે,

ગાયના ઘીનો દીવો બળે, ગાયના છાણનો ચોકો થાય,
સોનાની શીંગડી, રૂપાની ખરી, ગાયની પૂંછડી હીરલે જડી,

ઓધવરાય, માધવરાય, કેશવરાય, ત્રિકામરાય,
પૂરણ પુરુષોત્તમરાય, સુખડા લ્યો શ્રી રામના.

|| कृष्णस्तु भगवान स्वयम् ||

**લેખાંક-૭૭**

# મદોન્મત્ત કુબેર પુત્રો

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**


શ્રીકૃષ્ણ એમના શુદ્ધ ભક્તો કે જેઓ તેમના ચરણકમળમાં સર્વસ્વ અર્પણ કરીને દિવ્યતા અનુભવે છે, તેમના માટે પરમ આનંદ આપનારા અને મુક્તિ પ્રદાન કરનારા છે. આવી જ કોઈ મુક્તિની ઘટના અહીં રાહ જોઈ રહી હતી. પોતાની બાળલીલાથી વ્રજને વિસ્મય આપવા ઈચ્છતાં શ્રીકૃષ્ણ ભગવાને જોયું કે યશોદા તથા નંદ બીજા કામમાં લાગી ગયાં છે. મને બંધાયેલો છોડવા માટે કોઈ ધ્યાન આપતું નથી. પહેલા તો માતાએ મને બરાબર દૂધ નહિ પાયું અને હું જ્યારે શાંતિથી માખણ ખાતો હતો ત્યારે મને આ ખાંડળીયા સાથે બાંધી દીધો. હવે તો મારે વધારે ઉપદ્રવી બનવું પડશે, તો જ બધાંનું ધ્યાન મારા તરફ જશે.

આવું વિચારીને આંગણામાંથી ખાંડળીયાને ખેંચતા ખેંચતા બહાર નીકળી વ્રજમાં પવિત્ર વૃક્ષ તરીકે જેની માનતા માનવામાં આવતી હતી, એવા બાજુ બાજુમાં ઊગેલા 'આસોન્દ્રા'ના (અલગ અલગ સાહિત્યોમાં અશોક, અર્જુન, સખી, આસોપાલવ એવાં અલગ નામોનો ઉલ્લેખ છે) બે ઝાડની પાસે જઈ તેમની વચ્ચેથી નીકળી પોતાની પાછળ ઘસડાઈ રહેલા ખાંડળીયાને ખેંચવા માંડ્યા. તેઓ આગળ ચાલ્યા જતા હતા પરંતુ ખાંડળીયુ બે ઝાડની વચ્ચે અટકી ગયું. બે ઝાડની વચ્ચે અટકી ગયેલા ખાંડળીયાને બળપૂર્વક ખેંચતા બંને વૃક્ષો મૂળ સહિત ઉખડી ગયાં અને ધરતી પર પડી ગયાં.

અહીંથી આગળ વધતા પહેલાં આ બંને વૃક્ષોનો થોડો ઈતિહાસ સમજી લઈએ. 'મણિગ્રીવ' અને 'નલકુબેર' નામના 'કુબેર'ના બે પુત્રો હતા. બંને મહાન શિવભક્ત હતા. શિવજીની કૃપાથી કુબેર પાસે અઢળક ધન-સંપત્તિ હતાં. બંને પુત્રો અતિ સુખમાં આળોટતા હતા. અતિ સુખ મળે તે પણ સારું નથી. જીવનમાં થોડું દુઃખ તો હોવું જ જોઈએ. અતિ સુખમાં ઘમંડ ઉત્પન્ન થાય છે, બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. દુઃખમાં જીવ થોડો સાવધાન રહે છે. વિધાતાએ બે વસ્તુમાં એવી માયા રાખી છે કે જેમાં બધાંનું મન ફસાયેલું રહે છે. કામ અને પૈસા અને કુબેરના બંને પુત્રો આ બંનેમાં આસક્ત હતા.

જેમ અતિધનિક વ્યક્તિના છોકરાઓ સંસ્કારથી વિમુખ થઈ છકી જાય છે, તેમ કુબેરના આ બંને પુત્રો પણ મદિરાપાન અને કામિનીઓમાં આસક્ત બની સંસ્કારથી વિમુખ બની ગયા હતા. જીવને જે સુખ ભોગવવાની ઈચ્છા છે તે જ દુઃખ છે. સુખ ભોગવવાની ઈચ્છાથી મન ચંચળ થઈ જાય છે. સુખ ભોગવવાની ઈચ્છાથી જ પાપનો આરંભ થાય છે. એક વાર તેઓ સુખ-ઉપભોગની ઈચ્છાથી ગંગા નદીના કિનારે આવેલા શિવતીર્થના ઉદ્યાનમાં પ્રવેશ્યા.

શાસ્ત્રો એક હકીકત ભારપૂર્વક જણાવે છે કે 'પોતાના મનને નિરંતર શુદ્ધ રાખવું એ જ સહુથી મોટું તીર્થ છે' પરંતુ અહીં આ બંને તો પવિત્રતીર્થમાં પણ અશુદ્ધ વર્તન કરવા માંડ્યા. તીર્થમાં જવું ઉત્તમ હોવા છતાં તેની સાથે એ પણ એટલું જ સાચું છે કે ભગવાને તમને જે ઘર આપ્યું છે તે પોતાના ઘરને એટલે કે બીજા અર્થમાં તમારા શરીરને અને મનને તીર્થ જેવું રાખવું વધારે અગત્યનું છે. મદમસ્ત બનેલા અને આ હકીકત નહિ સમજેલા તે બંને કુબેર પુત્રોએ આ તીર્થમાં ખૂબ મદિરાપાન કર્યું અને મદિરાપાન કરીને મસ્ત બનીને એ ઉદ્યાનમાં રહેલી કેટલીક યુવતીઓ કે જેઓ ગંગાસ્નાન કરી રહી હતી, તેમની વચ્ચે ઘૂસીને જલક્રીડાનો આનંદ લૂટવા માંડ્યા.



> અતિ સુખ મળે તે પણ સારું નથી. જીવનમાં થોડું દુઃખ તો હોવું જ જોઈએ. અતિ સુખમાં ઘમંડ ઉત્પન્ન થાય છે, બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. દુઃખમાં જીવ થોડો સાવધાન રહે છે. વિધાતાએ બે વસ્તુમાં એવી માયા રાખી છે કે જેમાં બધાંનું મન ફસાયેલું રહે છે- કામ અને પૈસા

એટલામાં જ ત્યાં નારદમુનિનું આગમન થયું. તેઓ સમજી ગયા કે મણિગ્રીવ અને નલકુબેર બંને એટલા મદોન્મત્ત છે કે તેમના આવવાની નોંધ પણ એમણે લીધી નથી. જો કે તે બંનેની સાથે ગંગાજીમાં નહાઈ રહેલી યુવતીઓ એટલી મદોન્મત્ત નહોતી.

તેઓ નિર્વસ્ત્ર હોવાને કારણે ખૂબ લજ્જા અનુભવવા માંડી અને જલ્દી જલ્દી પોતપોતાનું શરીર ઢાંકવા માંડી. કુબેરના પુત્ર એટલા મદોન્મત્ત હતા કે તેમણે નારદજીની ઉપસ્થિતિની પરવા પણ કરી નહિ અને કપડાથી પોતાના શરીરો પણ ઢાંક્યા નહિ. નારદજીએ જોયું કે આ બંને મદિરાપાનથી એટલા પતિત થઇ ગયા છે કે તેમને હવે સંસ્કાર જેવું પણ કશું રહ્યું નથી. બુદ્ધિ બગડે ત્યારે સમજવું કે હવે કોઈ વિપત્તિ આવવાની છે. હવે તેમને પાઠ ભણાવવો યોગ્ય છે.

જો કે નારદજી તેમના પર એક વડીલ તરીકેનો સ્નેહભાવ રાખતા હતા અને એવું ઈચ્છતા હતા કે આ બંનેની મદિરાપાન અને યુવતીઓની સંગતની આદત છૂટે, તેમનું મિથ્યાસુખ છૂટે અને તેમને આ પ્રકારના શરીરસુખ માટેના પ્રયત્નો કરતા ખબર પડે કે આખરે આ શરીર કોનું છે? શું આ શરીર પોતાનું છે? માતામાં વીર્ય સિંચન કરી ઉત્પન્ન કરનાર પિતાનું છે? માતાના પેટથી જન્મ લીધો હોવાથી માતાનું છે? અગ્નિમાં ભસ્મ થતું હોવાથી અગ્નિનું છે? આ શરીર પોતાનું નથી, તે તો ભૌતિક પ્રકૃતિનું છે. જ્યારે દેહાંત થાય છે ત્યારે તે ભૌતિક પ્રકૃતિમાં જ મળી જાય છે.

મનુષ્ય જ્યારે નૈતિક ઉપદેશને અનુસરે નહિ, ઘમંડમાં આવી પોતાના સંસ્કારોને ભૂલી જાય, ત્યારે એમને પાઠ ભણાવવો જરૂરી બની જાય છે.

નારદજીએ વિચાર્યું કે આ બંને લક્ષ્મીના મોહથી આંધળા, સ્ત્રી લંપટ અને અજીતેન્દ્રિય બની ગયા છે. ઐશ્વર્ય પામવાની આવી જૂઠી પરાકાષ્ઠા જ્યારે તેઓ અનુભવી રહ્યા છે ત્યારે તેમને બંનેને ઐશ્વર્યવિહીન દશામાં રાખી દેવા જોઈએ. ભૌતિક સંપત્તિની અત્યાધિક માત્રા, આધ્યાત્મિક ઉત્થાન માટે ખૂબ મોટો અવરોધ છે.

આથી મારે એવો દાખલો બેસાડવો જોઈએ કે, દેવતાઓ અને તેમના પુત્રો એવી પરિસ્થિતિમાં પહોંચી નહિ જાય કે ભૌતિક ઐશ્વર્ય અને પ્રતિષ્ઠા મળવાથી તેઓ પોતાના સંસ્કાર ગુમાવી દે અને વળી કુબેર તો દેવતાઓના કોષાધ્યક્ષ હતા અને આ બંને તેમના પુત્રો હતા. માટે આવી પશુ જેવી હરકત માટે તેમને દંડ આપવો યોગ્ય જ છે. એવો દંડ આપું કે તેઓ જીવમાંથી જડ બની જાય.

(ક્રમશઃ)